# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-10-2024 સવારે : 7.45 થી 7.55

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, 'પોલીસ વ્યવસ્થા નાગરિકોના મૌલિક અધિકારોની રક્ષા માટે આગળ આવે તે સમય આવી ગયો છે.'
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અલ્જેરિયાના ત્રણ દિવસના પ્રવાસને પૂર્ણ કર્યા બાદ પ્રવાસના બીજા તબક્કામાં આજે મૉરિટાનિયા માટે રવાના થશે.
3) વિદેશ મંત્રી ડૉ. જયશંકર આજે ઇસ્લામાબાદમાં શાંઘાઈ સહયોગ સંગઠનની સરકારના વડાઓની પરિષદની 23મી બેઠકમાં ઉપસ્થિત રહેશે.
4) નેશનલ કૉન્ફરન્સ પક્ષના નેતા ઑમર અબ્દુલ્લા આજે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ કરશે.
5) ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચેની ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ આજે બેંગ્લોરમાં રમાશે.

## *AMIT SHAH IPS PROBATIONERS*

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'હવે સમય આવી ગયો છે કે પોલીસ વ્યવસ્થા દેશના નાગરિકોના મૌલિક અધિકારોની રક્ષા કરવા આગળ આવે.' શ્રી શાહે કહ્યું કે, 'દેશની સરહદોની અંદર થતા ગુનાઓને ઘટાડવા માટે પોલીસ વ્યવસ્થાએ સજાગ રહેવું જોઈએ અને હવે એ સમય આવી ગયો છે કે નાગરિકોને ઓછામાં ઓછા**

સમયમાં ન્યાય મળે.' ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય પોલીસ સેવાના વર્ષ 2023ની બેચના 76 પ્રૉબેશનર્સ અધિકારીઓ સાથે સંવાદ કરતા શ્રી શાહે આમ જણાવ્યું હતું.

શ્રી શાહે કહ્યુ કે, 'વર્તમાનમાં ગુના અને ગુનાને શોધવા માટેના નેટવર્ક અને પ્રણાલીથી દેશના 99 ટકા પોલીસ મથક ઑનલાઈન થઈ ગયા છે. ત્રણ નવા ફોજદારી કાયદામાં સમયસર ન્યાય, દોષિત ઠેરવવાના પુરાવામાં વધારો અને ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ પર ભાર અપાયો છે. આ નવા કાયદાઓમાં ન્યાયિક પ્રક્રિયાને સમયબદ્ધ બનાવવામાં આવી છે અને પાંચ વર્ષમાં દેશના દરેક પોલીસમથકમાં નવા કાયદા સંપૂર્ણરીતે લાગુ થઈ જશે.'

.................

## *REV PRESIDENT VISIT MAURITANIA*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અલ્જેરિયાના ત્રણ દિવસના પ્રવાસને પૂર્ણ કર્યા બાદ પ્રવાસના બીજા તબક્કામાં આજે મૉરિટાનિયા માટે રવાના થશે. રાષ્ટ્રપતિએ ભારત અને અલ્જેરિયા વચ્ચેને સંબંધને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉચ્ચ સ્તરની નેતાઓ અને પ્રતિનિધિમંડળની સાથે વિવિધ દ્વિપક્ષી બેઠક યોજી હતી.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, 'મૉરિટાનિયાના એક દિવસના પ્રવાસમાં રાષ્ટ્રપતિ અનેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ મૉરિટાનિયાના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ આઉલ્દ ગઝૌઆની અને અન્ય નેતાઓ સાથે દ્વિપક્ષી બેઠક તેમજ મૉરિટાનિયામાં ભારતીય સમુદાય સાથે સંવાદ કરશે.'

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રપતિની અલ્જેરિયા મુલાકાત ઐતિહાસિક રહી છે. વિદેશ મંત્રાલયના સચિવ અરૂણકુમાર ચેટર્જીએ કહ્યું કે, 'આ પ્રવાસથી બંને દેશ વચ્ચે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન મળશે. બ્રિક્સમાં અલ્જેરિયાનું સભ્યપદ અંગે જ્યારે પણ સંમેલનમાં ચર્ચા થશે તો ભારત તેનું સમર્થન કરશે.'

રાષ્ટ્રપતિ મુર્મૂ અલ્જેરિયા, મૉરિટાનિયા અને મલાવી એમ ત્રણ દેશના પ્રવાસે છે. પોતાના પ્રવાસના ત્રીજા તબક્કામાં તેઓ આવતીકાલે મલાવી પહોંચશે. આ દેશના પ્રવાસનો ઉદ્દેશ આફ્રિકી દેશોની સાથે ભારતના સંબંધોને વધુ મજબૂત કરવા અને વિસ્તારવાનો છે.

.................

## *PM AI CENTRES*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્ય સેવા, ખેતી અને ટકાઉ શહેરો પર કેન્દ્રીત ત્રણ A.I. શ્રેષ્ઠતા કેન્દ્રની સ્થાપનાની પ્રશંસા કરી છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના એક સંદેશના જવાબમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘આ ટેક્નિક, નવિનતા અને A.I. માં અગ્રણી બનવાના ભારતના પ્રયાસમાં એક મહત્વનું પગલું છે.’ શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, ઉત્કૃષ્ટતા કેન્દ્ર દેશની યુવાશક્તિને મદદરૂપ થશે અને ભારતને ભવિષ્યના વિકાસનું કેન્દ્ર બનાવવામાં યોગદાન આપશે.

.................

## *JAYSHANKAR SCO*

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર આજે ઇસ્લામાબાદમાં શાંઘાઈ સહયોગ સંગઠન – S.C.O.ની સરકારના વડાઓની પરિષદની 23મી બેઠકમાં ઉપસ્થિત રહેશે. તેઓ પાકિસ્તાનના 2 દિવસના પ્રવાસ પર ગઈકાલે પાકિસ્તાન પહોંચ્યા છે.

પાકિસ્તાનની અધ્યક્ષતામાં યોજાયેલી S.C.O.ની બેઠકમાં ડૉ. જયશંકર ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ભારત S.C.O.ની તમામ પ્રકારની પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લે છે. સંસ્થાના સરકારના વડાઓની એક બેઠક દર વર્ષે યોજાય છે, જેમાં વેપાર અને આર્થિક કાર્યસૂચિની ચર્ચા કરવામાં આવે છે.

આ પહેલા ડૉ. જયશંકરે તેમની પાકિસ્તાન યાત્રા એક બહુપક્ષીય ઉદ્દેશ્ય માટે હોવાનું જણાવ્યું હતું. તેમણે આ પ્રવાસ દરમિયાન કોઈ પણ દ્વિપક્ષીય સંવાદ થવાની

સંભાવનાને નકારી હતી. નવ વર્ષમાં કોઈ ભારતીય વિદેશ મંત્રી દ્વારા પાડોશી દેશની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે.

..................

## *JK SWEARING IN*

નેશનલ કૉન્ફરન્સ પક્ષના નેતા ઑમર અબ્દુલ્લા આજે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હા આજે સવારે સાડા 11 વાગ્યે શ્રીનગરના શેર-એ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલન કેન્દ્ર ખાતે યોજાનારા કાર્યક્રમમાં શ્રી અબ્દુલ્લા અને તેમના મંત્રી પરિષદને શપથ લેવડાવશે.

તાજેતરમાં પૂરી થયેલી વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કૉન્ફરન્સ પક્ષને બહુમતી મળતા ઉપ-રાજ્યપાલે તેમને સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું. આ પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી વર્ષ 2014માં યોજાઈ હતી. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, શપથગ્રહણ સમારોહ સ્થળ પાસે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

..................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..................

## *INDIA NEW ZEALAND FIRST TEST*

ભારત ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચમાં આજે ન્યૂ ઝિલેન્ડ સામે રમશે. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે આ મેચ સ્થાનિક સમય અનુસાર સવારે

સાડા નવ વાગ્યે શરૂ થશે. રોહિત શર્માની આગેવાની હેઠળની ભારતીય ટીમ 2012-13 સીઝન બાદથી ઘરઆંગણે સતત 19મી શ્રેણી જીતવાનો લક્ષ્ય પણ બનાવશે.

બીજી ટેસ્ટ 24થી 28 ઑક્ટોબર સુધી પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાશે. જ્યારે ત્રીજી અને છેલ્લી ટેસ્ટ એકથી પાંચ નવેમ્બર સુધી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે.

.................

## *WOMENS-T20-WORLD-CUP*

ICC મહિલા ટી-ટ્વેન્ટી વિશ્વ કપમાં ગઇકાલે વેસ્ટ ઈન્ડિઝ, ઈંગ્લેન્ડને છ વિકેટે હરાવીને સેમિફાઈનલમાં પહોંચ્યું છે.

આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 20 ઓવરમાં સાત વિકેટે 141 રન કર્યા હતા . ઈંગ્લેન્ડ તરફથી નતાલી સિવર બ્રન્ટે 50 બોલમાં 57 રન બનાવ્યાં હતાં. વેસ્ટ ઈન્ડિઝનાં અફી ફ્લેચરે ત્રણ વિકેટ લીધી હતી.

જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે 17 ઓવરમાં જીતનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ટીમનાં કિયાના જોસેફ અને હેલી મેથ્યુઝે 50-50 રન બનાવ્યાં હતાં. જોસેફને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

ઉલ્લેખનીય છે કે સમૂહ-એમાંથી ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સેમિફાઈનલમાં પહોંચી ગયા છે, જ્યારે સમૂહ-બીમાંથી દક્ષિણ આફ્રિકાએ પણ વેસ્ટ ઈન્ડિઝની સાથે સેમીફાઈનલમાં જગ્યા બનાવી છે. આવતીકાલે દુબઈમાં પ્રથમ સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. બીજી સેમીફાઈનલમાં શુક્રવારે શારજાહમાં વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડ ટકરાશે. રવિવારે ફાઇનલ મેચ રમાશે.

.................

**અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે**

**મારા સહયોગી હર્ષલ પંડ્યા....**

- આજના અખબારોમાં મહારાષ્ટ્ર અને ઝારખંડની જાહેર થયેલી ચૂંટણી, બહારાઇચના રમખાણોના આરોપીઓને નહી બક્ષવામાં આવે તેવી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગીનું નિવેદન, પ્રિયંકા ગાંધી વાયનાડથી ચૂંટણી લડશે જેવા સમાચાર પ્રથમ પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે પ્રથમ પેજ ઉપર મહારાષ્ટ્રમાં દેવદિવાળી પર જ ચૂંટણીની આતશબાજીના મથાળા સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- દિવ્યભાસ્કરે મહારાષ્ટ્રમાં પરિણામો બાદ ત્રણ જ દિવસમાં સરકાર રચવી પડશે નહીં તો રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાશે તેવી હેડલાઇન્સ બનાવી છે
- જ્યારે નવગુજરાત સમય અખબારે મહરાષ્ટ્ર -ઝારખંડમાં 13-20 નવેમ્બરે વોટિંગઃ 23મીએ પરિણામના હેડિંગ સાથએ સમાચાર પ્રકાશિત કર્યા છે..
- સંદેશ અખબારે ભારત કનેડાના રાજદ્વારી સંબંધઓમાં આવી રહેલી કડવાશને મુખ્ય સમાચાર બનાવ્યા છે સંદેશનું આજનુ શિર્ષક છે  ટ્રુડોએ પોત પ્રકાશ્યુઃ ભારત ભ્રમિત કરી રહ્યુ છે .
- જ્યારે દરેક અખબારોએ સ્પોર્ટ પેજ ઉપર ભારત અને ન્યુઝિલેંડ વચ્ચે શરૂ થઇ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચ અંગેના સમાચારને પ્રાધાન્ય આપ્ય. છે.
- અંગ્રેજી અખબાર અમદાવાદ મિરર સહિતના અખબારોએ ગુજરાતમાં ધોરણ દસ અને બારની વહેલી યોજનારી પરીક્ષાના અહેવાલ પણ છેલ્લા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે.. આ ઉપરાંત અખબારોએ સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી ટેક્ષટાઇલ્સ નીતિને પણ પ્રસિધ્ધ કર્યા છે.

--------------